# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-11-2024** **Morning : 7.10 to 7.20**
**Day: SUNDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **નિકીતા શાહ** વાંચે છે.

---

1) મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય 75 હજારથી વધારીને એક લાખ રૂપિયા કરાઈ
2) આજે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિમિટેડની ચૂંટણી યોજાશે.
3) કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં ખેડૂતોએ ટેકાનાં ભાવે મગફળીની ખરીદીની માંગણી સાથે હરાજી ઠપ કરાવી
4) રાજ્યમાં આજ થી 24 નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં મતદાર સુધારણા યાદીનો કાર્યક્રમ યોજાશે.
5) મેડીકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટેની મુદત 5 ડિસેમ્બર સુધી લંબાવાઈ
6) ફૂટબોલમાં સંતોષ ટ્રોફીમાં ગુજરાતે દાદરાનગર હવેલી – દીવને 3 – 0 થી હરાવ્યું.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# KHET PEDASH SAHAY

રાજ્ય સરકારે મુખ્યમંત્રી પાક સંગ્રહ સ્ટ્રક્ચર યોજનાની સહાય ૭૫ હજાર રૂપિયાથી વધારીને એક લાખ રૂપિયા કરવાની જાહેરાત કરી છે. કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ અંગે જણાવ્યું છે કે, ખેડૂતોની ખેત પેદાશોને અનેક આફતો સામે રક્ષણ આપતી આ સહાયમાં વધારો કર્યા બાદ ચાલુ વર્ષે 13 હજાર 982 ખેડૂતોને સંગ્રહ સ્ટ્રક્ચર બનાવવા માટે પૂર્વ મંજૂરી અપાઇ છે.

આ યોજનાનો લાભ મેળવવા માટે ખેડૂતોએ પોતાના ખેતરમાં ઓછામાં ઓછુ 330 ચોરસ ફૂટ વિસ્તારનું એક પાક સંગ્રહ સ્ટ્રકચર બનાવવાનું હોય છે, જેના માટે રાજ્ય સરકાર દ્વારા જરૂરી નાણાકીય સહાય પૂરી પાડવામાં આવે છે.

હવે સ્ટ્રક્ચર બનાવવા માટે ખેડૂતને આ યોજના હેઠળ કુલ ખર્ચના 50 ટકા અથવા એક લાખ રૂપિયા બંનેમાંથી જે ઓછુ હોય તે સહાય આપવામાં આવશે.

---

- રીપીટ

# Rajkot Nagrik Sahkari bank

આજે રાજકોટ નાગરિક સહકારી બેન્ક લિમિટેડની ચૂંટણી યોજાશે. ચૂંટણી માટે રાજકોટ શહેર, જેતપુર, મોરબી, જસદણ, અમદાવાદ, સુરત તથા મુંબઈ ખાતે મતદાન મથક બનાવવામાં આવ્યા છે.

ચૂંટણી અધિકારી પ્રભવ જોશીના માર્ગદર્શનમાં ચૂંટણીની તમામ તૈયારી પૂર્ણ કરવામાં આવી છે.

રાજકોટ મતક્ષેત્રની ૧૩ સામાન્ય બેઠક માટે કુલ ૨૩ ઉમેદવાર તથા બે અનામત બેઠક માટે ત્રણ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી છે. કુલ ૩૩૨ મતદારો સવારે ૮:૦૦ થી સાંજે ૪:૦૦ કલાક સુધી મતાધિકારનો ઉપયોગ કરશે.

આ ચૂંટણી પ્રક્રિયા માટે ૩૫ કર્મચારીઓ અને ૨૧ અનામત કર્મચારીઓની નિમણૂક કરવામાં આવી છે.

---------------------------------------------------------------------

- -પીટીસી ભાવનગર, અનિલ પટેલ

-(NAVIN)

# Kodinar Marketing Yard Magfali

કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં ગઈ કાલે ખેડૂતોએ ટેકાનાં ભાવે મગફળીની ખરીદીની માંગણી સાથે હરાજી ઠપ કરાવી હતી.

કોડીનાર યાર્ડમાં વેપારીઓ મગફળીની ગુણવત્તાનાં આધારે બજાર કિંમત આંકતા હોય છે, પણ છેલ્લાં બે દિવસથી સરકારે 1 હજાર 356 રૂપિયાનાં ભાવે મગફળી ખરીદવાનું શરૂ કરતાં ખેડૂતોએ યાર્ડમાં પણ ટેકાના ભાવે જ ખરીદી શરૂ કરવાની માંગણી કરી હતી.

જોકે યાર્ડના સત્તાવાળાઓએ જણાવ્યું હતું કે રાજ્યનાં અન્ય બજારની જેમ કોડીનાર માર્કેટિંગ યાર્ડમાં પણ મગફળીની ગુણવત્તા પ્રમાણે 1,000થી 1 હજાર 215 સુધીનાં ભાવ મળે છે. પણ સરકાર જે ભાવે મગફળી ખરીદે છે તે ભાવે જ યાર્ડમાં હરાજી શરૂ કરવી શક્ય નથી કારણ કે અલગ અલગ ગુણવત્તા વાળી મગફળી આવે છે. ખેડૂતોએ ચૂકવણીમાં વિલંબ થતો હોવાની ફરિયાદ પણ કરી હતી.

---

- -હિં.સ. અનિલ

-(NAVIN)

# MATDAR YADI SUDHARNA

રાજ્યમાં આજથી 24 નવેમ્બર દરમિયાન ત્રણ તબક્કામાં મતદાર સુધારણા યાદીનો કાર્યક્રમ યોજાશે. કેન્દ્રીય ચૂંટણી પંચની સુચના અને મુખ્ય ચૂંટણી અધિકારીના માર્ગદર્શન હેઠળ આજે અને ત્યારબાદ 23 અને 24મી નવેમ્બરે ખાસ મતદાર યાદી સુધારણા ઝુંબેશ હાથ ધરાશે.

આ ખાસ ઝૂંબેશના દિવસોમાં રાજ્યના તમામ મતદાન મથક ખાતે સવારે 10થી સાંજે પાંચ વાગ્યા સુધી બુથ લેવલ ઑફિસર જરૂરી ફોર્મ સાથે ઉપસ્થિત રહેશે. આગામી પહેલી જાન્યુઆરી, 2025ની લાયકાતની તારીખે 18 વર્ષ પૂર્ણ કરતા હોય તેવા યુવાઓ માટે મતદાર તરીકે નોંધણી કરાવવાની આ ઉત્તમ તક છે. આ ઉપરાંત મતદારયાદીમાં નામ નોંધણી, સુધારા-વધારા અને મતદારયાદીમાંથી નામ કમી કરાવવા ફોર્મ ભરી શકાશે. વધુમાં ખાસ ઝૂંબેશના દિવસો સિવાય 28 નવેમ્બર 2025 સુધી સંબંધિત જિલ્લા કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારીની કચેરી તેમજ મામલતદાર કચેરી ખાસે રાખવામાં આવેલી મતદારયાદીમાં પોતાનું  તથા પોતાના પરિવારજનોનું નામ ચકાસી શકાશે.

ઉલ્લેખનીય છે કે, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચની Voter Helpline App અને ભારતના ચૂંટણી પંચની વેબસાઈટ voters.eci.gov.in તથા મુખ્ય ચૂંટણી અધિકારીની કચેરીની વેબસાઈટ ceo.gujarat.gov.in પરથી ઑનલાઈન પણ ફોર્મ ભરી શકશે.

---

- રીપીટ

# Admission to Medical

મેડીકલ અને ડેન્ટલમાં પ્રવેશ માટેની મુદત 5મી ડિસેમ્બર સુધી લંબાવવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, મેડીકલ – ડેન્ટલમાં પ્રવેશ માટે ચાર રાઉન્ડ પૂરા થઈ ચૂકયા છે. ગુજરાત સહિત અનેક રાજયોમાં મેડીકલ – ડેન્ટલની 20 થી 100 જેટપી બેઠકો ખાલી પડી છે. આ ઉપરાંત મંજુર કરેલી નવી મેડીકલ કોલેજોમાં ચાલુ વર્ષે પ્રવેશ માટે પણ નવા રાઉન્ડની આવશ્યકતા હતી માટે નેશનલ મેડીકલ કમીશન દ્વારા પ્રવેશ માટેની મુદત 5મી ડિસેમ્બર સુધી લંબાવાઈ છે તથા ખાલી પડેલી બેઠકો માટે વધારાનો રાઉન્ડ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

-----------------------------------------------------------------------

- ન્યુઝ પેપર – નિકીતા -(NAVIN)

# Ayurveda entry

આયુર્વેદની 84 અને હોમીયોપેથીની 59 ખાલી બેઠકો માટે 19મી સુધી રજીસ્ટ્રેશન કરાવી શકાશે.

ઉલ્લેખનીય છે કે, આયુષ મંત્રાલય અને નેશનલ કમીશન ઓફ હોમીયોપેથી દ્વારા તાજેતરમાં નીટ – યુજી અને AIAPGET ની લઘુત્તમ લાયકાતમાં 15 પર્સેન્ટાઇલનો ઘટાડો કરાયો છે. ઘટાડેલી લાયકાત બાદ પ્રવેશ પાત્ર બન્યા હોય તેવા વિદ્યાર્થીઓએ 19મી સુધીમાં રજીસ્ટ્રેશન કરાવવાનું રહેશે.

---------------------------------------------------------------------

- ન્યુઝ પેપર, નિકીતા - -(NAVIN)

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..

.......................................

# WEATHER

રાજ્યમાં લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે. ગઈકાલે રાજ્યના ઘણા જિલ્લામાં તાપમાન 18 ડિગ્રી સેલ્સીયસથી ઓછું રહ્યું હતું. સૌથી ઓછું 15.6 ડિગ્રી તાપમાન દાહોદમાં નોંધાયું હતું. જયારે અમરેલી, પોરબંદરમાં 16.5, નલીયા, વડોદરામાં 17.5 અને નર્મદા તથા ડીસામાં 18.5 ડિગ્રી તાપમાન નોંધાયું હતું. અમદાવાદમાં લઘુત્તમ તાપમાન 19.5 ડિગ્રી સેલ્સીયસ રહ્યું હતું.

ત્રણ દિવસ બાદ તાપમાનમાં બેથી ત્રણ ડિગ્રીનો ઘટાડો થવાની હવામાન ખાતાએ આગાહી કરી છે. હાલમાં પવનની ઉત્તર- પૂર્વ દિશા છે, જે આગામી સમયમાં બદલાતા ઠંડીમાં વધારો થશે. આ અંગે અમદાવાદ હવામાન વિભાગના નિયામક એ. કે. દાસે આ મુજબ જણાવ્યું...

**(બાઇટ- એ.કે. દાસ- ડાયરેક્ટર)**

----------------------------------------------------------------------

- પીટીસી-અમદાવાદ-નિશા શ્રીમાળી-યશ્રી

# NARMDA PM AAVAS YOJNA

પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ દેશમાં અનેક ગરીબોનું ઘરના ઘરનું સપનું સાકાર થયું છે. નર્મદા જિલ્લાના નાંદોદ તાલુકાના જીતગઢના શૈલેષ વળવી આ યોજનાના આવા જ એક લાભાર્થી છે. તેઓ યોજનાને કારણે આવેલા બદલાવ વિશે વાત કરતા આ પ્રમાણે જણાવે છે.

**(બાઇટ- શૈલેષકુમાર વલવી- લાભાર્થી)**

---------------------------------------------------------------------

- પીટીસી-123-ચશ્રી

# Santosh Trophy

નેશનલ ફુટબોલ મેન્સ ચેમ્પીયનશીપ સંતોષ ટ્રોફીમાં ગુજરાતે ગઈકાલે તેની પ્રથમ મેચમાં દાદરાનગર હવેલી – દીવ ટીમને 3 – 0 થી હરાવી છે.

ઉલ્લેખનીય છે કે, આ ટુર્નામેન્ટમાં 38 ટીમો ભાગ લઈ રહી છે જેને 9 ગ્રુપમાં વહેંચવામાં આવી છે. વિવિધ 8 રાજયોમાં આ ટુર્નામેન્ટ રમાશે. ગઈકાલે રમાયેલી અન્ય મેચમાં રાજસ્થાને, મહારાષ્ટ્રને 2 – 1 થી હરાવ્યું હતું.

---------------------------------------------------------------------

- ન્યુઝ પેપર, નિકીતા -(NAVIN)

# Ranji Trophy

રણજી ટ્રોફીમાં સૌરાષ્ટ્રનો ચંદીગઢ સામે વિજય થયો છે તો ગુજરાત – વિદર્ભ વચ્ચેની મેચ ડ્રોમાં પરિણમી છે.

ગ્રુપ – ડી માં સૌરાષ્ટ્રએ ચંદીગઢને એક ઇનીંગ અને 59 રને હરાવ્યું છે. સૌરાષ્ટ્રએ પ્રથમ ઇનીંગમાં 9 વિકેટે 531 રન કરી દાવ ડિકલેર કર્યો હતો. ચંદીગઢે પ્રથમ ઇનીંગમાં 249 અને બીજી ઇનીંગમાં 223 રન કરી ઓલઆઉટ થતા સૌરાષ્ટ્રનો વિજય થયો છે.

જયારે ગુજરાત વિદર્ભ વચ્ચેની મેચમાં વિદર્ભે અંતિમ દિવસે પ્રથમ ઇનિંગમાં 545 રને દાવ ડિકલેર કરી 202 રનની લીડ મેળવી હતી. ગુજરાતે બીજી ઇનીંગમાં 9 વિકેટે 237 રન કરતા મેચ ડ્રોમાં પરિણમી હતી.

---

- ન્યુઝ પેપર, નિકીતા - -(NAVIN)

# DIST. SANKALAN SAMITI BETHAK

વિવિધ જીલ્લાઓમાં ગઈકાલે નવેમ્બર માસની ફરિયાદ અને સંકલન સમિતિની બેઠક યોજાઇ હતી. પ્રજાલક્ષી પ્રશ્નોને વાચા આપવા જીલ્લા કલેક્ટરોની અધ્યક્ષતામાં ગઈકાલે સાબરકાંઠા, રાજકોટ, ભાવનગર, જામનગર, સુરત, તાપી, મહેસાણા, ગાંધીનગર, નવસારી અને પંચમહાલના ગોધરા સહિતના વિવિધ જીલ્લાઓમાં જીલ્લા સંકલન સમિતિની બેઠક યોજાઇ, જેમાં પીવાના પાણીના પ્રશ્નો, આરોગ્ય, જુદા જુદા ખાતાઓની વસુલાતની માહિતી, વરસાદી પાણીના સંગ્રહ, સરકારી કર્મીઓના પેન્શન કેસો, ખાતાકીય તપાસ અને અનાજ વિતરણ વ્યવસ્થા જેવી વિવિધ કામગીરીનો ઝડપી સુચારુ અમલીકરણ કરવા અનુરોધ કરાયો હતો.

------------------------------------------------------------------------

- પીટીસી-રાજકોટ-તાપી-નવસારી-મહેસાણા-સુરત-જામનગર-સાબરકાંઠા-ભાવનગર-પંચમહાલ-ગાંધીનગર-મા.ખાતું-નિશા શ્રીમાળી-યશ્વી